R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 20 DATE: 16-05-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

મુસદ્દા ઘડવામાં કરવામાં આવેલ અનેક ભુલોને કારણે સંસદમાં ફરીથી બિલો પસાર કરવા પડશે : સરકારની નબળાઇ

કેન્દ્ર સરકારે ફટાફટ બિલો પસાર કરવાની ઉતાવળમાં અનેક બિલોના મુસદ્દામા અનેક ભુલો કરી હોવાને કારણે સાંસદોએ પસાર કરેલા અનેક બીલો ફરીથી પસાર કરવા પડશે. ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીએ મુસદો તૈયાર કરવામાં રહેલી અનેક ભુલો પકડી પાડી છે, જેને કારણે સરકારે નીચુ જોવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.સરકારે ધડાધડ બિલો પસાર કરાવી દેવાની ઉતાવળમાં અને બિલોના ડ્રાફટોમાં અનેક ભુલો કરી જેના કારણે હવે ફરીથી બિલ પસાર કરવાની પ્રક્રિયા કરવી પડશે.

ભારત અને બંગલાદેશ વચ્ચે જમીન સરહદ અંગે કરાર સબંધિત બંધારણીય સુધારા બિલ આ સપ્તાહે સંસદમં પસાર કરી દેવાયું . આ બિલના મુસદ્દામાં ભુલો રહી ગઇ હતી. વાસ્તવમાં આ ૧૦૦માં બંધારણીય સુધારો હતો. આ બિલ સંસદમાં રજુ કરાયું ત્યારે તે ૧૧૯માં બંધારણીય સુધારા તરીકે રજુ કરાયું હતું. કારણકે તેમાં પ્રસ્તાવિક બિલનો પણ સમાવેશ હોય છે. આ બિલ પસાર થઈ ગયા પછી તેનો ક્રમ ૧૦૦ કરવો જોઈતો હતો જે થયો જ નથી. ઉપરાષ્ટ્રપતિએ આ બાબતે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. આ સુધારો થયો હતો.પરંતુ નાના અક્ષરમાં થયો હતો.બિલની યાદી ક્રમ હજુ પણ ૧૧૯ જ હતો. કાયદો ઘડતી વખતે આવી ભુલ કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય હોતી નથી.હવે સંસદમાં ફરીથી આ બિલ પસાર કરવું પડશે.સરકારને તેના એક વર્ષની સિધ્ધિઓ ગણાવવાની ઉતાવળને કારણે ઘણી બધી વખતે અનેક ભુલોની પરંપરા સર્જાતી હોય છે.હવે સરકાર સજાગ બને તો આ અટકાવી શકાશે.

બાળ દિક્ષા બાબતે સરકારે ગંભીર બની જરુર જણાય તો કાયદો લાવવા પગલાં લે : હાઇકોર્ટ

જૈન સમુદાયમાં બાળકોને સંસાર ત્યાગીને દીક્ષા લેવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. અને આ મુદ્દે સરકારને આદંશ આપ્યો છે કે માત્ર રાજ્ય સરકારે મુક વાલી બનીને જોવાનું નથી પરંતુ જરુર પડે તો આ બાબતે કાયદો લાવીને પગલાં લેવાના છે.મુંબઈ અને અમદાવાદમાં ફેલાવો ધરાવતા સન્માર્ગ નામના એક મેગેઝીનના પ્રકાશક રમેશભાઈ વોરા, જૈન મુનિ આચાર્યશ્રી કિર્તીયસુરિશ્વરજી મહારાજ સહિત છ વ્યક્તિઓ સામે જસ્મીનભાઈ શાહ નામના વ્યક્તિએ પહેલા મુંબઈ અને પછી અમદાવાદની અદાલતમાં ફરિયાદ કરી હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આચાર્યશ્રી બાળદિક્ષાને ઉત્તેજન આપે છે અને બાળકો નાની વયે સંસારનો ત્યાગ કરીને દીક્ષા લઈ લે તે માટે લલચાવે છે.૨૦૦૯માં સન્માર્ગ મેગેઝીનમાં કેન્દ્ર સરકારનો એક ખોટો પરિપત્ર છાપવામાં આવ્યો હતો તેમાં જણાવ્યુ હતું કે બાળકોને દિક્ષા આપવામાં આવે તો જુવેનાઈલ જસ્ટીસ એકટ લાગુ પડતો નથી. જો કે શાહે આરટીઆઈમાં અરજી કરતાં આ પરિપત્ર ખોટો હોવાનું માલુમ પડયું હતું.જેથી તેમણે કોર્ટમાં જૈન મુનિ સહીત છ વ્યક્તિ સામે ફરિયાદ નોધાવી હતી.અદાલતે આ તમામ સામે પ્રોસેસ ઈસ્યુ કર્યા હતા. આથી આ કાર્યવાહી રદ કરવા માટે હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવી હતી.

અરજદારો તરફથી એવી રજુઆત કરાઈ હતી કે તેમની સામે અદાલતે ખોટી રીતે કાર્યવાહી કરી છે.જ્યારે આઈપીસીની કલમ ૨૯૫ હેઠળ(ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોચાડવી)ફરીયાદ આવે ત્યારે સરકારની પુર્વ મંજુરી જરુી છે.જજે તેમની વાત માન્ય રાખી હતી અને જ્યારે અન્ય કાયદા હેઠળ મેજીસ્ટ્રેટ પોતાની તપાસ ઝડપથી પુર્ણ કરે તેવો આદેશ આપ્યો હતો.

આ પીટીશનનો નિકાલ કરતાં જસ્ટીસ પારડીવાલાએ બાળકોની દીક્ષા બાબતે કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા હતા.જ્યારે ફરિયાદીઓએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારમાં આ પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે સરકારોએ ચુપકીદી સેવી હતી.જસારે કેન્દ્ર સરકારન મહિલા અને બાળ કલ્યાણ વિભાગને ૨૦૧૨માં જાણકારી અપાઈ હતી કે બાળ દિક્ષાને મંજુરી આપતો ખોટો પરિપત્ર છપાયો છે ત્યારે કેન્દ્ર સરકારે કેમ પગલાં લીધા નથી.અને તપાસ કરી નથી.અદાલતે આ મુદ્દે અવલોકન કર્યું કે આ મુદ્દો ઘણો જ ગંભીર છે.આઠ વર્ષનો બાળક કે બાળકી સંસારનો ત્યાગ કરીને દિક્ષા લે. આઠ વર્ષનો બાળક કે બાળકી તે પુખ્ત વય સુધી પહોચે ત્યાં સુધી સંસાર ત્યાગવાના પોતાના પગલાંના પરિણામો અંગે વિચારી શકે છે. કાચી વયના બાળકોને સંસારનો ત્યાગ કરીને શા માટે દીક્ષા લેવા ઉત્તેજન આપવામાં આવે છે.આ તેઓના ધાર્મિક લાભ માટે હોય છે કે પછી ધર્મ આવું કંઈ કહે છે કે ખરેખરમાં સમુદાયના બહોળા હિત માટે કરાય છે.

સરકારની ભુમિકા વિશે અદાલતે વધુમાં જણાવ્યું હતું કે જો વાલીઓ મંજુરી આપે તો પણ સરકાર અને અદાલતે મુક સાક્ષી બની રહેવું ના જોઈએ. સરકારે આવા કિસ્સાઓમાં વાલી તરીકેની ભુમિકા ભજવવી જોઈએ.જો બાળકને તેના કાયદેસરના વાલીથી વિખુટો પાડી દેવામા આવે તો સરકાર અને અદાલતની જવાબદારી છે કે બાળકના હિતોનુ રક્ષણ કરે.

બંધારણની કલમ ૨૧માં (જીવન જીવવાનો અધિકાર : બાળપણનો અધિકાર અપાયો છે.શું બાળપણનો અધિકાર અને ધાર્મિક સ્વાતંત્રતાના અધિકાર વચ્ચે સંઘર્ષ થાય છે.એક ન્યાયની અદાલત તરીકે હું ધાર્મિક ભાવનાનો નહીં પરંતુ કાયદાકીય બાબતથી નિસ્બત ધરાવું છું.જસ્ટીસ પારડીવાલાએ જણાવ્યુ હતું કે જુવેનાઈલ જસ્ટીસ એકટની સેકશન ૨૩માં બાળકની સાથે હિંસા માટે સજાની જોગવાઈ કરાઈ છે.તેના પ્રતાપથી બહાર આવવા માટે ખોટો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. કે બાળ સાધુ કે સાધ્વી જુવેનાઈલ જસ્ટીસ એકટના દાયરામાં આવતા નીત તે ખુબજ વિચલિત કરનારી બાબત છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આ મુદ્દો ખુબજ ગંભીરતાથી લેવો જોઈએ અને તેઓ યોગ્ય પગલાં લેશે તેવી આશા છે.જો જરુર પડે તો આ બાબતે કાયદો પણ લાવવો જોઈએ.

કોર્ટે અંતમાં સ્પષ્ટ કર્યું હતું કે ઉપરોકત અવલોકનો મુદ્દાની ગંભીરતાને ઉજાગર કરવા માટે કરાયા છે.આ અવલોકનોના પ્રભાવમાં આવ્યા બદલ અદાલતે અરજદારો (નીચલી કોર્ટના આરોપીઓ)સામે પુરાવાના આધારે કાર્યવાહી કરવી.

રામ મંદિરના મુદ્દે સરકારે ફરીથી હિદુત્વના મુદ્દાને કોરાણે મુક્યો !

લોકસભાની ચુંટણીમાં મતદારોએ હિદુત્વના મુદ્દે ભારતીય જનતા પાર્ટીની સરકારને સંસદમાં બહુમતી આપીને ભારે મોટો વિજય અપાવ્યો હતો. ત્યારના ચુંટણી પ્રવચનોમાં મંદિરના મુદ્દે તેઓએ એવી ખાત્રીઓ ઉચ્ચારી હતી કે તેમની સરકાર આવશે તો તેઓ અયોધ્યામાં મંદિર બનાવશે.પરંતુ તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહે વિહિપના નૃત્યગોપાલ દાસના એક કાર્યક્રમમાં ભાગ લેતાં જણાવ્યુ હતું કે સંસદના ઉપલા ગૃહમાં ભાજપની બહુમતી નથી જેને કારણે અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટેનો પ્રસ્તાવ લાવતા અને કાયદો ઘડવામાં અડચણ આવી રહી છે.જેથી હમણાં રામમંદિર બનવાની શકયતા નથી. જો કે રાજ્યસભામાં ભાજપના ૪૫ સાંસદો મોજુદ છે.હવે તેઓ બિહારમાં ચુંટણીમાં તેમની તરફી પરિણામો આવે તે માટે પ્રયત્નશીલ છે.જેથી રાજસભામાં ત્યાંથી તેમના વધુ સભ્યો મોકલી શકાય.રાજસભામાં બહુમતી મળે તો આ બાબતે તેઓ કશું કરી શકે તેમ છે.

આમ એનડીએની સરકારે રામમંદિરના મુદ્દાને અભરાઈએ ચઢાવી દીધો છે.ભાજપે કેન્દ્રમાં બહુમતી સાથે સરકારની રચના કર્યા પછી આ મામલે અંતર જાળવવાનું ચાલુ રાખ્યું છે.લોકોને એવી અપેક્ષા હતી કે મોદી સરકાર આ બાબતે પ્રયત્ન કરશે પરંતુ તેમની આશા ઠગારી નિવડી છે.અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે સરકાર મજબુર છે. મંદિર નિર્માણ માટે કાયદો ઘડી કાઢવા તેમની પાસે રાજસભામાં બહુમતીનો અભાવ છે તેથી આ મુદ્દાને હાલ પુરતો મુલતવી રાખવામાં આવે તેમ છે.રામમંદિરના મુદ્દે હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે. હવે સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોવી જોઈએ.

અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીએ તેના દરેક ચુંટણી ઢંઢેરામાં રામમંદિરના મુદ્દાને સ્થાન આપ્યું છે.ચુંટણીઓમાં તેમણે પ્રજાને અનેક વચનો આપ્યા તે પૈકીનું આ એક છે પરંતુ સત્તામાં આવ્યા બાદ તમામ મુદ્દાઓને અભરાઈ પર ચઢાવી દેવાયા છે.જો કે મોદી સરકારને આ મુદ્દે કોઈ ઉતાવળ લાગતી નથી. જમીનસંપાદનના મુદ્દે તેઓ સંસદનું સંયુક્ત સત્ર બોલાવવાની તૈયારીમાં છે જો તેઓ એટલા જ ગંભીર હોય તો આ બાબતે પણ સંયુક્ત સત્ર બોલાવી શકે છે.

બ્રિટનની ચુંટણીમાં કેમરોનના પક્ષને બહુમતી મળી

બ્રિટનની કોન્જર્વેટીવ પાર્ટી એટલે કે વડાપ્રધાન કેમરોનના પક્ષને ફરીથી સત્તા પર કબજો જમાવ્યો છે. તેમના પક્ષને ચુંટણીમાં બહુમતી પ્રાપ્ત થઈ છે.હવે લગભગ એવું લાગે છે કે ફરીથી કેમરોન બ્રિટનના વડાપ્રધાન બનશે.જાહેર થયેલ પરિણામો મુજબ હાઉસ ઓફ કોમન્સની કુલ ૬૫૦ બેઠકો પૈકી કેમરોનના પક્ષને ૩૩૧ બેઠકો મળી છે.બ્રિટનના નવા હાઉસ ઓફ કોમન્સમાં ભારતીય મુળના બ્રિટિશ સાંસદોની સંખ્યા ૧૦ની થઈ છે.અગાઉ આ સંખ્યા ૮ની હતી.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

નવ ક્રાંતિ

તાજેતરમાં દેશમાં આવેલ હાઈકોર્ટના બે ચુકાદાઓની ચર્ચા થઈ રહી છે.સહુ પ્રથમ ફિલ્મના હિરો સલમાન ખાનને ચાર કલાકમાં હાઈકોર્ટે જામીન આપી દીધા અને સજા મોકુફ પણ કરી દીધી.ત્યારબાદ તામિલનાડુના માજી મુખ્યમંત્રી જયલલિતાનો કોર્ટમાં કેસમાં સરકારની દલીલો સાંભળ્યા પહેલાજ ચુકાદો આપી દેવાયો.

સલમાનની વાત બાજુ પર મુકીયે હમણાં,તે નિર્દોષ નથી બન્યો,પરંતુ જેલમાં જવામાં હાલ પુરતો બચી ગયો છે.પરંતુ તામિલનાડુના અમ્મા જયલલિતાના કેસમાં આવકથી વધારે સંપત્તિનો કેસ હતો.જેમાં તેમણે જાહેર કરેલ મિલ્કત છ કરોડની ૬૬ કરોડની કેવી રીતે થઈ તેનો યોગ્ય ખુલાસો નહોતો. આ ઉપરાંત તેમને ત્યાં પડેલ રેડમાં ૨૮ કિલો સોનું,૮૦૦કીલો ચાંદી, ૧૦,૫૦૦ સાડીઓ,૭૫૦ જોડી ચંપલ અને ૯૧ કિમતી ઘડિયાળો પકડાઈ હતી જે હાલમાં રિઝર્વ બેંકમાં જમા છે. આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં કોર્ટે જયલલિતાને ૧૦૦ કરોડનો દંડ ફટકાર્યો હતો અને ચાર વર્ષની સજા.મઝાની વાત તો એ છે કે જે પકડાયું તેને પુરાવા ગણીએ તો પણ વ્યક્તિ છુટી શકે નહીં.પરંતુ આપણા દેશનું ન્યાયતંત્ર મહાન છે.નીચલી અદાલતે જે પુરાવા ગ્રાહ્ય રાખીને સજા કરી તો તે અદાલતનો ચુકાદો ખોટો હતો ?

આટલુ ફટાફટ બધું બની જાય એવું સામાન્ય માણસને ગળે ઉતરતું નથી.દેશની સામાન્ય જનતાને એટલીતો સમજણ છે કે કોણ ગુનેગાર છે અને કોણ નથી.પરંતુ કાયદાની છટકબારીઓનો લાભ લઈને સત્તા અને સંપત્તી વાળા જીતી જાય છે.રાજકીય લાભ ખાટનારાઓએ થયેલ ચમત્કાર માટે અમ્માને ઉતાવળે અભિનંદન પણ પાઠવી દીધા.તેમને ગરજ છે કે રાજસભામાં તેમની અમ્મા વહારે આવી તેમની નૈયા પાર લગાવવામાં મદદ કરે.

અનુ. પાન નં. ૪ નું ચાલુ

તમારી કિંમત વધારે નથી શું ?(માથ્થી)અર્થાત મનુષ્યને ઈશ્વરનો આધાર રાખવાનું કહ્યું છે. કવિ મકરંન્દ દવે, ધુળિયે મારગ કાવ્યમાં જીવનનો મર્મ સમજાવ્યો છે. કવિ પાસે નાણાંના થોડાક સિક્કા કે થોડીક ચલણી નોટો નથી તે છતાંય કવિ કહે છે કે ઉપરવાળી બેન્ક બેઠી છે આપણી માલામાલ ,એટલે કે ઈશ્વર પર ભરોસો રાખે તેને રોજનું ભોજન મળી રહે છે તેણે ભવિષ્યની ચિંતા કરવી પડતી નથી. આમ ચિંતાથી માનવીના જીવન પર વિપરિત અસર પડતી હોય છે. આથી જીવનમાં સમય આવે ત્યારે યોગ્ય સમયે યોગ્ય જીવનનો યોગ્ય રસ્તો મળી જાય છે દરેક માનવીએ પોતાના કાર્યને આગળ ને આગળ ધપાવતાં રહેવું જોઈએ. નિરંતર ચિંતા કરતા રહીશું તો જીવનમાં પ્રગતિ નહી પણ અધોગતિના હાઈવે પર જીવનની ગાડી દોડતી રહેશે તેથી કોઈક સાચું જ કહ્યું છે :

થોડું રિસાયા કરો, થોડું મનાવ્યા કરો, આવ્યા કરે છે મનમાં ન લાવ્યા કરો, નિખાલસ રહો સૌની સાથે જગતમાં, મનમાં કંઈ પણ છુપાવ્યા ના કરો, થોડું હસો,થોડું રડો,બસ આજ રીતે સબંધ નિભાવ્યા કરો.

મથુર વસાવા- સેન્ટ જોસેફ હાઈસ્કુલ, ઉના,જિ.ગીર-સોમનાથ

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

અનુસંધાન પાન ૩ ઉપરથી

સોનું ખરીદાય છે.અને ભારતનું મોંઘાં મુલનું હુંડિયામણ સોનાની ખરીદીમાં ખતમ થઈ જાય છે.

(૪) સંઘ પરિવાર એવુ પણ કહે છે :

ભારતમાં ધર્માંતર માટે ઘણી મોટી ફસલ છે અને તેને લણવા માટે વિદેશોમાં પુરજોશમાં તૈયારીઓ થવા માંડી છે. હકીકતે વાસ્કો-ડી-ગામાએ ભારતની ધરતી પર પગ મુક્યો ત્યારથી અર્થાત હજારોની સાલથી ખ્રિસ્તી મિશનરીઓની વણજારો એ ફસલ લણવા અંહી આવી છે.અને આવતી રહી છે.એ સહુએ જે ફસલ લણી તેના આંકડા આરંભે આપ્યો જેના પર નજર કરીએ તો કેટલી ફસલ લણાઈ છે તેનો સાચો ખ્યાલ આવશે.વળી પોર્ટુગલ મિશનરીઓ આવ્યા તે પુર્વે બે હજાર વર્ષ પહેલા ભગવાન ઈસુના શિષ્ય સંત થોમાસે કાલિકટથી માંડીને દ.ભારતમાં ઠેકાણે ઠેકાણે ખ્રિસ્તી ધર્મ ફેલાવ્યો હતો જેમાં સ્થાનિક નૃપતિઓએ ઘણો સહકાર આપ્યો હતો.તેમણે ખ્રિસ્તી ગિરજાઘરો તથા નાના નાના મોટ ઉપાસના સ્થળો પણ બાધી આપ્યા હતા. આજે પણ કેરળમાં સંત થોમાસના ખ્રિસ્તીઓ તરીકે ઓળખાતા ઈસાઈઓની વસતી મોજુદ છેએટલે, વિગતે જેની છણાવટ કરી તેનો સારાંશ આ છે : ભારતમાં ઠેર ઠેર ધર્માંતરની પ્રવૃત્તિઓ ચાલતી હોઈ ખ્રિસ્તીઓન સંખ્યા વધતી જાય છે જે હિંદુ માટે ભયરુપ છે, એવો સંઘ પરિવારનો દાવો સત્યથી સાવ વેગળો છે. એથી ઉલટું, ભારતમાં ખ્રિસ્તી ધર્મ, ધર્માંતરો કરાવી ખ્રિસ્તીઓની સંખ્યામાં ઉમેરો કરવ ામાં સરિયામ નિષ્ફળ નિવડ્યો છે.

ઉપર જે વિગતો રજુ કરી તે ખ્રિસ્તી ધર્મન અવલોકનીય અર્થાત જોઈ શકાય, ગણી શકાય તેવી સિધ્ધિઓ છે. પરંતુ ,કેવળ અવલોકનીય માહિતીને આધારે અને તેનું વિચિત્ર બૌધ્ધિક અર્થઘટન કરીને ખ્રિસ્તી મિશનરી સેવા પ્રવૃત્તિઓનું મુલ્યાંકન કરવું યોગ્ય નથી.મિશનરીઓએ તેમની સેવા પ્રવૃત્તિઓ દ્વારા ભારતમાં શૈક્ષણિક અને વૈદકીય ક્ષેત્રે તેમજ દલિતો-વંચિતો-હાંસિયામાં ધકેલી દેવાયેલાઓ- મહિલાઓના કલ્યાર્થે જે પ્રદાન કર્યુ છે તે બેનમુન છે. દલિતો અને આદિવાસીઓને ખ્રિસ્તી મિશનરીઓએ ન ભણાવ્યા હોત અને આજે પણ જો મિશનરીઓ તેમને ન ભણાવે તો બીજા કોઈ તેમને ભણાવવાના નથી.વિવિધ પ્રકારની ખ્રિસ્તી સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે ખુદ ખ્રિસ્તીઓ પણ તેમની ફરજનિષ્ઠા,સેવાભાવ,જરુરીયાતમંદો પ્રતિ સહાનુભુતિ અને પ્રમાણિકતા માટે જાણીતા છે ને સહુના આદરપાત્ર બની ગયા છે.ભારતમાં સંખ્યાની દષ્ટિએ ભલેને ખ્રિસ્તી ધર્મ ઝાઝી સફળતાને વરી શક્યો ના હોય, પરંતુ વિવિધ સેવા ક્ષેત્રોમાં તે કલ્પનાતિત સફળતા અને સિધ્ધિઓને વર્યો છે, જેનો કોઈ ઈન્કાર કરી શકે નહીંય

ભગવાન ઈસુનો આભાર અને તેમને કોટિ કોટિ વંદન !

(અંગ્રેજી સામયિકોમાંથી ઉપલબ્ધ માહિતીને આધાર)

ફાધર વિલિયમ

અમદાવાદની સેન્ટ ઝેવીયર્સ લોયેલા સ્કુલની માન્યતા રદ કરવા શાળાના જ શિક્ષકની હાઈકોર્ટમાં રીટ પિટિશન

અમદાવાદ શહેરના મેમનગર વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવીયર્સ સ્કુલની માન્યતા રદ કરવા માટે અને શાળાના તત્કાલીન ટ્રસ્ટી સહિતના લોકો વિરુધ્ધ પગલાં લેવા દાદ માંગતી ગુજરાત હાઈકોર્ટમાં એક પીટીશન દાખલ થઈ છે.આ શાળામાંથી જ બરતરફ કરાયેલા કેમેસ્ટ્રી વિષયના વડા બીજુ જોસ વડાકન દ્વારા જ આ રીટ પીટીશન કરવામાં આવી છે.રીટ પીટીશનના આધારે જસ્ટીસ આર.એમ. છાયાએ આ મામલે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનને કારણદર્શક નોટિસ જારી કરી છ. અને કેસની વધુ સુનાવણી જુન માસમાં રાખવામાં આવી છે.

પીટીશનમાં એવો આરોપ કરવામાં આવ્યો છે કે શાળા સત્તાવાળાઓ દ્વારા અરજદાર પ્રોફેસરને અંગત રાગદ્વેષ અને કિન્નાખોરીથી નોકરીમાંથી બરતરફ કરાયા છે. એટલું જ નહી ખોટા દસ્તાવેજો અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અધિનિયમ ૧૯૭૪ની જોગવાઈઓનો ભંગ કરીને શાળાનો વહિવટ હાથ ધરાતો હોવાથી યોગ્ય તપાસ કરી જરુરી પગલાં લેવા અગાઉ હાઈકોર્ટે સત્તાવાળાઓને હુકમ કર્યા છતાં બોર્ડના સત્તાવાળાઓએ હજુ સુધી કોઈ પગલાં લીધા નથી.

જો કે શાળાના સત્તાવાળાઓ તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે બરતરફ કરાયેલ કર્મચારી વિદ્યાર્થીઓને બરાબર શિક્ષણ આપતા નથી, અન્ય શિક્ષકો સાથે તેમનો વ્યવહાર બરાબર નથી. તેમજ શાળાના સત્તાધીશોને અવારનવાર ધમકીઓ આપ્યા કરે છે.તેથી તેમને બરતરફ કર્યા સિવાય કોઈ વિકલ્પ શાળા સત્તાવાળાઓ પાસે બચતો નથી.

શાળાના તત્કાલીન મેનેજીગ ફાધર એમ.જી.રાજ એસ.જે. ટ્રસ્ટી મંડળમાં નહી હોવા છતાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકેનો વહીવટ અને નિર્ણયો કરે છે.અને શાળાના અન્ય પદાધિકારીઓ તેમાં સાથ સહકાર આપે છે.આ પ્રકરણમાં અરજદારે અવારનવાર માધ્યમિક બોર્ડમાં રજુઆતો કરવા છતા તેની ન્યાયિક તપાસ કરવામાં આવી નથી તેથી તેમણે હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી છે.

હવે જ્યારે ફરીથી હીયરીંગ થશે ત્યારે વધારાની વિગતો બહાર આવશે કે સત્તાવાળાઓએ શા પગલાં લીધા છે.

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સંઘ પરિવારનો દાવો સાચો કે ખોટો ?

છેલ્લા કેટલાક સમયથી સંઘ પરિવાર એવું કહ્યા કરે છે કે, ખ્રિસ્તી મિશનરીઓની ધર્માંતરની પ્રવૃત્તિઓને લીધે ભારતમાં ખ્રિસ્તીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે જે હિંદુઓ માટે ભારે ખતરારુપ છે. આના પ્રત્યાઘાતો રૂપે દેશમાં ક્યાંક ક્યાંક કેટલાક અઘટિત બનાવો બનવા લાગ્યા છે જેવાકે, ખ્રિસ્તી દેવળો પર હુમલા, તોડફોડ અને ખ્રિસ્તીઓ ઉપર હુમલા, સંઘ પરિવાર આવો દાવો કરે છે તો ખરેખર સત્ય હકીકત શી છે તેની ખાતરી કરી લઈએ.

(૧) ધર્માંતરની બેફામ ચાલતી પ્રવૃત્તિને કારણે ખ્રિસ્તીઓની વસતિમાં વધારો થાય છે અને હિંદુઓની વસતી ઘટતી જવા માંડી છે.

ભારતમાં ખ્રિસ્તી ધર્મ આવ્યે લગભગ ૨૦૦૦ વર્ષ થયાં છે. હજારોની સંખ્યામાં દેશી અને વિદેશી મિશનરીઓએ ધર્મનો પ્રચાર કર્યો છે ને તેની પાછળ કરોડો રુપીયાનું ધુમ ખર્ચ કર્યું છે.જે જગજાહેર છે. તેમ છતાં ખ્રિસ્તીઓની વસતી આવી છે : ૧૯૭૧માં ૨.૬% હતી જે ઘટી જઈને ૨૦૦૧માં માત્ર ૨.૩% થઈ ગઈ છે. ૨૦૧૧ની વસતી ગણતરીના આંકડા ઉપલબ્ધ નથી પરંતુ જાણવા મળે છે કે એમાં હજી પણ ઘટાડો થયો છે.ઘટાડો થાય છે તેની પાછળનું કારણ એ છે કે ખ્રિસ્તીઓમાં શિક્ષણનું પ્રમાણ ઊંચુ હોવાના કારણે તેઓ પરિવારનું સમજપુર્વક આયોજન કરે છે ; દીકરો- દીકરી વચ્ચે ભેદ રાખતા નથી તથા ભૃણહત્યાને પાપ માને છે. એટલે પરિવારમાં દીકરો જ હોવો જોઈએ એવો તેઓ હઠાગ્રહ રાખતા નથી.દીકરીને પણ એટલો જ આવકાર છે જેટલો દીકરાને છે.

એથી ઉલટું, હિંદુઓ પ્રથમ વાર લંડન(ઈંગ્લન્ડ)માં ૨૦૦૦માં નહી, પણ આશરે ૨૦૦ વર્ષ પહેલાં આવ્યા હતા.આજે ત્યાં હિંદુઓની વસતી કેટલી છે ? અર્ધો ટકો ? ૧% ? વાસ્તવમાં ૫ ટકા છે.ભારતમાં વસતા ખ્રિસ્તીઓની વસતી કરતાં બમણી ! અને લંડન તો માત્ર એક શહેર છે. આખા ઈંગ્લેન્ડ દેશની વાત કરીએ તો સમગ્ર દેશમાં હિંદુઓની વસ્તી ૧.૩% છે. આમાં શીખોનો સમાવેશ કરીએ(જેમને સંઘ પરિવાર હિંદુ માની લે છે.) તો ઈંગ્લેન્ડમાં હિંદુઓની વસતી કુલ્લે ૧.૯ % થાય. અને આ ટકાવારી ક્રમશ : વધતી જાય છે.ભારતમાં ૨૦૦૦ વર્ષ પહેલાં ખ્રિસ્તી ધર્મ આવ્યો ને ધર્માંતર પ્રવૃત્તિનો આરંભ કર્યો હોવા છતાં તેમની વસ્તી માત્ર ૨.૩ % છે.હવે તમે જાતે જ ઊભય કમ્યુનીટીની વસતીની ટકાવારીની સરખામણી કરી જુઓ !

હવે બીજા દેશોમાં હિંદુઓની વસતિના આંકડા પર નજર નાખીએ. ન્યુઝીલેન્ડ : ૨%, કેનેડા : ૧.૬% ઓસ્ટ્રેલીયા : ૧.૨૮ %,મલેસીયા : ૬.૩ % અને ઈન્ડોનેશીયા : ૧.૬૯ % આપણા પાડોશી દેશો શ્રીલંકા, ભુતાન,ફીજી,મોરીસ્યસની વાત કરીએ તો ત્યાં હિંદુઓની વસ્તીની ટકાવારી હજીએ ઊચી છે.

આંકડા સહિતની આ હકીકતને લક્ષ્યમાં લઈને ખરેખર તો ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કેમ વધે છે એવો નહી ,પણ ખ્રિસ્તીઓની વસતી વધતી કેમ નથી એવો પ્રશ્ન પુછવો જોઈએ છે.આવા પ્રશ્નનો જવાબ એ છે કે હિંદુ ધર્મ બધામાં અને બધેજ ઈશ્વરનો વાસ છે.(પેન્થેઈઝમ) એવું માને છે.એટલે પ્રથમ વખત ખ્રિસ્તી ધર્મને એવી એક સંસ્કૃતિ,સાંસ્કૃતિક માહોલ અને એક ધર્મ(હિંદુ ધર્મ)નો સંપર્ક થયો જેને અન્ય ધર્મો સાથે (ખ્રિસ્તી ધર્મ સાથે પણ) ટકરાવાની જરુર લાગતી નહોતી અને ખ્રિસ્તી ધર્મનો સ્થાપક કંઈક અલગ પ્રકારનો કે વિશિષ્ટ પ્રકારનો હોય એવું પણ જણાયું નહી. એક વિદ્વાન હિંદુએ કહ્યું છે " અમારે હિંદુઓને ધર્માંતર કરવાની જરુર નથી.અમારો ધર્મ ખ્રિસ્તી ધર્મ કરતાં ચડિયાતો છે.એ રીતે અમે ખ્રિસ્તીઓ કરતાં પણ વધુ શ્રીમંત છીએ " ગાંધીજી કે જેમને ભગવાન ઈસુનો ઉપદેશ, ખાસ કરીને ગીરી પ્રવચન અતિ પ્રિય હતું તેમને પણ આના કારણે ધર્માંતર કરીને ખ્રિસ્તી બનવાનું જરુરી લાગ્યું નહી. એટલે , જ્યાં પ્રજા હિંદુ ધર્મમાં નહોતી સમાવાઈ તેવા ભારતના ઉ.પુ.(નોર્થ ઈસ્ટ)પ્રદેશો તથા આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ સરળતાથી પ્રસરી શક્યો ને તેને સફળતા મળી.અન્ય વિસ્તારોમાં નહીં. આ સિવાયના બીજા વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મ ફેલાયો હોય(જુજ સંખ્યામાં) તો તેની પાછળના મુખ્ય કારણો જ્ઞાતિ ભેદભાવના કારણે થતો અન્યાય,અસ્પૃશ્યતા, શોષણ તથા દારૂણ ગરીબીમાંથી છુટકારો મેળવવો એ હતાં.

ખ્રિસ્તીઓની વસતીની પરિસ્થિતિ એશિયા ખંડના બીજા રાષ્ટ્રોમાં પણ લગભગ સરખી છે. દા.ત.એશિયા- ઈન્ડોનેશીયાઃ ૯.૮%, દ.કોરીયા : ૨૯.૩ %, ફિલિપાઈન્સ ૮૫.૫ %. શ્રીલંકા : ૭.૫ % મ્યાનમાર ૭.૯ %, રાક્ષસી કદ ધરાવતા ચીનદેશમાં જ્યાં ખ્રિસ્તી ધર્મ ભારત કરતાં સદીઓ મોડો આવ્યો અને સામ્યવાદીઓનું શાસન હોવા છતાં તેને ભારત કરતાં પણ વધુ ફળદ્રુપ ભુમિ પ્રાપ્ત થઈ અને અમેરિકા તથા સબ -સહારા આફ્રિકા પ્રદેશની સાથે સરખાવતાં તેને સારી એવીસફળતા મળી છે.આજે ચીનમાં ખ્રિસ્તીઓની વસ્તી ૪-૫ % છે. જે ભારત દેશ કરતાં વધુ છે.

હવે વિશ્વની પરિસ્થિતિ પર નજર નાખીએ. અહીં હિદું ધર્મની સામે કોઈ પડકાર દેખાય છે ? ના, બિલકુલ નહી. હિંદુઓ આજે વિશ્વની વસતિના ૧૫ % છે.બૌધ્ધો : ૭.૧ % મુસ્લીમો ૨૩.૨ % અને ખ્રિસ્તીઓ ૩૧.૫ %. વળી હકીકત એવી છે કે વિશ્વમાં હિંદુઓની વસતી ઘટતી નહી, પણ સતત વધતી જાય છે! એક સદી પુર્વે હિંદુઓ વિશ્વની વસતીના માત્ર ૧૪% કરતાં પણ ઓછા હતા ! એટલે (વૈશ્વિક દષ્ટિએ) ખરેખર તો કોઈ ધર્મે ચિંતા કરવાની હોય તો તે હિંદુ ધર્મે નહી, પણ ખ્રિસ્તી ધર્મએ છે.

ભૌતિકવાદના આ યુગમાં આજે યુરોપ અમેરિકામાં વધુને વધુ ખ્રિસ્તીઓ નાસ્તિક થતા જાય છે યા તો અન્ય ધાર્મિક કે એવી માન્યતાઓ(રજનીશ,મહેશ યોગી, સ્વામી દયાનંદ વગેરેઃ તરફ વળવા લાગ્યા છે. આમ આજે ખ્રિસ્તીઓની વસતિ ત્યા ઘટીને ૫૯.૩% થઈ ગઈ છે.વળી, હવે તો યુરોપ અમેરિકામાં ખ્રિસ્તી દેવાલયો-ઉપાસના ગૃહો વેચાવા માંડ્યા છે યા તો શોપીંગ મોલ કે ઓફીસ માટે વપરાય છે.પુરોહિતોની પણ અછત ઊભી થઈ છે. જેને કારણે વિયેટનામ, કોરીયા અને ભારતમાં તેમની આયાત કરાય છે.અમેરિકામાં ખ્રિસ્તીઓની વસતી આજે ૭૭% છે જેની સરખામણીમાં ભારતમાં હિંદુઓની વસતી ૭૮.૩% છે.એનો અર્થ એવો થયો કે હિંદુ ભારત દેશ કરતાં યુરોપ અમેરિકા વધુ ઓછા ખ્રિસ્તી દેશો-પ્રદેશો બની ગયા છે. અને બનતા જાય છે.

એટલે ભવિષ્યમાં સંઘ પરિવારનો કોઈ સભ્ય એવું કહે કે ભારતમાં ખ્રિસ્તીઓની વસતી કુદકે ને ભુસકે વધતી જવાને કારણે ખતરો ઉભો થવાનો સંભવ છે તો એનો અર્થ એવો થયો કે એ કાં તો અબુધ- અજ્ઞાની છે અથવા તો જાણી જોઈને જુઠ્ઠુ બોલે છે.

૨. સંઘ પરિવાર કહે છે :

ધર્માંતર પ્રવૃત્તિ(પ્રણાલિકા- પ્રથા) ભારતમાંથી ઉભા થયેલા ધર્મોમાં નથીઃ એ તો પરદેશોમાંથી આવેલા ધર્મોમાં છે અને તે અહી લઈ આવ્યા છે.

આ પણ એક મોટું જુઠ્ઠાણું છે. હકીકતે વિશ્વના ઈતિહાસમાં સૌથી પ્રથમ કોઈ ધર્મે ધર્માંતરો કરાવ્યા હોય તો તે ભારતમાંથી ઉભો થયેલ બૌધ્ધ ધર્મ હતો.તેણે ભારતની બહારના દેશો : શ્રીલંકા,જાપાન,ચીન,થાઈલેન્ડ,વિયેટનામ વગેરેમાં ધર્માંતરો કરાવીને બૌધ્ધ ધર્મને ફેલાવ્યો હતો.આજે વિશ્વમાં બૌધ્ધ ધર્મ પાળનારાની સંખ્યા લગભગ ૩૫૦ મીલીયન થાય છે જેમાંના મોટા ભાગના ભારતની બહારના દેશોમાં છે.વળી બૌધ્ધ ધર્મ વિદેશોમાં ફેલાવનાર મિશનરીઓ બૌધ્ધ સાધુઓ નહોતા, એ તો ભારતની બાહરના દેશોને જીતી લઈ ત્યાં પોતાનું સામ્રાજ્ય ફેલાવનાર મહાન અશોક જેવા સમ્રાટો તથા વિદેશોમાં વેપાર કરીને અઢળક કમાણી કરવા ઈચ્છતા મોટા મોટા વેપારીઓ હતા. ડો.બાબા સાહેબ આંબેડકર કહે છે કે એક સમયે હિંદુ ધર્મ મિશનરી ધર્મ(ધર્માંતર કરાવનાર) હતો. પરંતુ જ્યારે તેમાં જ્ઞાતિ પ્રથા દાખલ થઈ ત્યારે તે મિશનરી મટી ગયો.કારણ, ધર્મપરિવર્તન કરેલ નવાગંતુકને કોઈ પણ જ્ઞાતિ પોતાનામાં સમાવવા તૈયાર નહોતી જેને લીધે ધર્માંતરિત એકલો અટુલો પડી જતો હતો.

વળી મહત્વની વાત તો એ છે કે ભારતમાં બૌધ્ધ ધર્મીઓની સંખ્યા વધતી જોઈને શંકરાચાર્યે તેમની સતાવણી કરવાનુ શરુ કર્યું અને તેમને હેરાન કરી, બળજબરી પુર્વક વટલાવી હિંદુ ધર્મમાં પાછા લાવવા માંડ્યા. હાલની ઘર વાપસી ચળવળ નવી નથી.એનો આરંભ તો મહાન શંકરાચાર્યોએ સદીઓ પુર્વે બૌધ્ધ ધર્મમાં જતા રહેતા હિંદુઓને રોકી હિંદુઓની ઘટતી જતી સંખ્યાને બચાવી લેવા માટે કર્યો હતો.

પરંતુ વાત આટલેથી અટકી જતી નથી.આજે તો આધુનિક હિંદુ ગુરુઓ વિદેશમાં હિંદુ ધર્મનો ધુમ પ્રચાર કરે છે.એમાંના કેવળ એકનો ઉલ્લેખ કરીએ તો શ્રી શ્રી રવિશંકર(આર્ટ ઓફ લીવીંગ) વિશ્વમાં પોતાના ૨૦ મીલીયન અનુયાયીઓ હોવાનો દાવો કરે છે. પ્રતિષ્ઠિત કટાર લેખક સ્વાપન દાસગુપ્તા જણાવે છે કે આશારામ બાપુ,સત્ય સાંઈ બાબા,શ્રી શ્રી રવિશંકર તથા બીજા એવા હિંદુ મીશનરીઓ આજે વિદેશોમાં લોકપ્રિયતા હાંસલ કરીને અનુયાયીઓની સંખ્યા વધારવામાં પાવરધા બની ગયા છે. આ બધા એક રીતે તો (ખ્રિસ્તી) પેટ રોબર્ટસનો અને બીલી ગ્રેહામ જ કહેવાય ને ! વળી, પરસ્પરની હરિફાઈ કરતી ધાર્મિક ટી.વી. ચેનલોની સંખ્યામાં પણ દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

(૩) સંઘ પરિવાર કહે છે : ધર્માંતર પ્રવૃત્તિઓ માટે વિદેશમાંથી દાનોનો પ્રવાહ ભારતમાં મિશનરી સંસ્થાઓમા ઠલવાય છે.

જો સંઘ પરિવારનો દાવો સાચો હોય તો એમને પુછવું પે કે તો પછી ૨૦૦૦ વર્ષો બાદ પણ ભારતમાં ખ્રિસ્તીઓની વસતી ઉપર નોધ્યું છે તેમ આટલી જુજ કેમ રહી છે ?

વિદેશોમાંથી ભારતમાં કાર્યરત કોઈપણ સંસ્થાને મળતું ફંડ (ફોરેનકોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક(એફસીઆરએ)હેઠળ સરકારની ફાઈલમાં નોંધાતું હોઈ સરકાર પાસે તેની વિગતે માહીતી હોય છે. કેન્દ્ર સરકાર આજે જ નહિ અગાઉ પણ ભાજપની હતી તો ખ્રિસ્તી મિશનરીઓને મળતા વિદેશી ફંડ પર તેણે કડક નજર રાખી હોત, લાવવાની મના કરી હોત યા ધર્માંતર પ્રવૃત્તિઓ માટે એનો ઉપયોગ ન કરવા દીધો હોત જે સ્વાભાવિક ગણાત.પરંતુ ભાજપ સરકાર દ્વારા એવું કશું થયું હોય એવી માહિતી નથી.

હવે વિગતે વિદેશી ફંડ અંગે નોંધ કરીએ. એક પ્રતિષ્ઠીત સામયિકમાંથી ઉપલબ્ધ માહીતિ મુજબ પ્રતિ વર્ષ ભારત સ્થિત બિન સરકારી સંસ્થાઓને (સ્વેચ્છીક સંસ્થાઓ - એન જી ઓ)મળતું વિદેશી ફંડ આશરે ૧૧,૦૦૦કરોડ છે.(૨૦૦૦-૨૦૦૭)દેશમાં એન.જી.ઓ.ની સંખ્યા ૧૩,૧૯૩ છે. એટલે તેમની વચ્ચે ફંડને વહેચતા ખ્રિસ્તી સંસ્થા બીલીવર્સ ચર્ચ ઈન્ડીયાને ભાગે રુ. ૧૯૦ કરોડ, હિંદુ સંસ્થા માતા અમૃતાનંદમયી મઠને ભાગે રુ.૯૮ કરોડ, ઈસ્લામિક સંસ્થા આગાખાન ફાઉન્ડેશનને ભાગ રુ.૧૧૦ કરોડ તથા વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી અન્ય એન.જી.ઓ.ને ફાળે રુ. ૧૩૦ કરોડ આવે છે.કુલ રકમ રુ.૧૧,૦૦૦કરોડના ૪૦ ટકા એટલે કે રુ.૪૪૦૦કરોડ ખ્રિસ્તી સંસ્થાને મળે છે.હિંદુ સંસ્થાઓને કેટલી રકમ મળે છે તેના આંકડા આપણે જાણતા નથી. એટલે સંઘ પરિવારના દાવા વિશે કશું કહી શકાય નહીં. વળી, હિંદુ ધર્મસ્થાનોને જે દાનો મળે છે(મંદિરોમાં ઠલવાતું રોકડ નાણું અને સોનું) તેનો આંકડો તો ખ્રિસ્તી સંસ્થાને મળતાં દાનોને ક્યાંય વળાવી જાય તેટલો છે !દ. ભારતના એક મંદિર ટ્રસ્ટને ગઈ સાલ રુ. ૨૨૬૨ કરોડનં દાન મળ્યુ હતું જે ૨૦૧૧-૧૨માં ૧૦ મોટામાં મોટી ખ્રિસ્તી સંસ્થાઓને મળેલા દાન કરતાં બમણું હતું !

પત્રકાર નગીનદાસ સંઘવી તેમની કોલમમાં લખે છે કે ભારતમાં કેટલું સોનું છે તે કોઈ જાણતું નથી પણ લગભગ ૨૦,૦૦૦ ટનનો અંદાજ બાંધવામાં આવે છે.ભારતના મંદિરોમાં સદીઓથી ભેટરુપે ધરાયેલા અલંકારો,મુગટો અને સુવર્ણશસ્ત્રોના રુપમાં અઢળક સોનું પડેલુ છે.જેની સાચવણી માટે મંદિરોએ ગંજાવર ખર્ચ કરવો પડે છે.સોનાના રુપમાં ભારતના મંદિરોમાં ભક્તોએ દેવ દેવીઓને ચડાવેલ સોનું કેટલું છે તે કોઈ જાણતું નથી.કેરળમાં ભગવાન પધ્મનાથના મંદિરના ભોયરાઓ તાજેતરમાં ખોલાયા ત્યારે જાહેર કરવામાં આવેલ આંકડાઓ આપણી કલ્પના બહારના આંકડાઓ છે.પડી રહેલ આ સોનું બીનઉપજાઉ છે અને તેના પર સરકારનો કશો પણ અંકુશ નથી. ભારતમાં દર વર્ષે ૮૦૦થી હજાર ટન

અનુ. પાન નં.૨ ઉપર

સાવધાની રાખવાથી ઓછા દુઃખી થવાય

સળગતા અગ્નિથી દુર રહેવું.ધસમસતા પાણીમાં જવું નહીં.જ્યાં અનિષ્ટ કાર્યો થતાં હોય ત્યાંથી સો ગાઉ છેટા રહેવું.

સાવધાન રહો, તો ખરાબ પરિસ્થિતિમાંથી બચી શકશો. જે સાવધાની રાખે છે એને ઓછું સહન કરવું પડે છે. આપણને ખબર હોય કે સામે ખાડો છે, તો ફરીને જવું જોઇએ. એના બદલે સીધાજ જઇએ તો ? સળગતા દીવાની જ્યોતમાં પતંગિયું આંધળુકીયા કરીને મરે છે.જો થોડી પણ સાવધાની હોય તો આપણે બચી શકીએ છીએ.જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે જો આપણે સાવધ હોઇએ તો આંચ આવશે નહીં. સાવધાની રાખવાથી ઓછા દુઃખી થવાય છે.કેટલાક લોકો જીવનની ઘરેડમાં તણાયા જ કરતા હોય છે. એના કારણે કોઇ પ્રગતિ કરી શકતા નથી. જીવનમાં જો થોડીક સાવધાની રાખીએ તો આપણો રાહ આપણે જ બદલી શકીએ.સાવધાની એ જીવન જીવવાની ચાવી છે. ક્યાંક ઝેરી નાગ જતો હોય અને આપણે સાવધાની ના રાખીએ તો ?ક્યારેક વાધ જતો હોય અને આપણે સાવધાની ન રાખીએ તો ? ભરેલા તળાવમાં મગર હોય અને આપણે નહાવા પડીએ તો ? આ બધામાં સાવધાનીની જરુર પડે છે. ગુજરાતીમાં કહેવાય છે કે કુહાડી પોતાના પગ ઉપર ન મરાય. આપણા અંધકારમય જીવનમાં સાવધાની પ્રકાશનો પુંજ છે. દીવો છે, દીવો જ્યાં હોય એટલો વિસ્તાર અજવાળી શકે છે. એવી જ રીતે સાવધાની રાખવાથી કોઇ અનિષ્ટનો સ્પર્શ થઇ શકતો નથી. પણ જેને મરવું જ હોય એને કોઇ બચાવનાર નથી. સાવધાની રાખનાર માણસ દુઃખી થતો નથી.એ ચોક્કસ છે.જીવનમાં ચડતી-પડતી આવ્યા જ કરતી હોય છે. છતાંય ચેતીને ચાલવું, જેથી ઓછું નુકશાન થાય. તમે ગાડી ચલાવતા હોય એ બેકાળજી રાખો તો શું થાય ? સાવધાનીપુર્વક ગાડી ચલાવીએ તો અકસ્માતનો ભય રહે નહીં. સાવધાની જીવન આપી શકે છે, અસાવધાની મોતને આમંત્રણ.

માણસ માત્ર ભુલને પાત્ર છે, પણ એક જે સભાનપણે ભુલ થાય. અને જે અભાનપણે ભુલ થાય તેમાં બે તફાવત છે.ઊંઘતા માણસને તમે જગાડી શકો છો,પણ જે જાગતો ઉંઘે છે એને જગાડી શકાતો નથી. જે સાવધાની રાખે છે એનાથી ભુલો ઓછી થાય છે.પણ જેને માત્ર ભુલો જ કરવી છે એને બચાવનાર કોઇ નથી. ઘણા લોકો ઘણી સાવધાની રાખે છે. એક ઉદ્યોગપતિ પોતાની પત્નિ સાથે પ્લેનમાં મુસાફરી ક્યારેય કરતા નથી.આપણે આ બાબતમાં હસવું આવે, પણ એ એમની સાવધાની ગણાય.ન કરે નારાયણ ને કંઇ થાય તો ? આપણે તો નસીબમાં માનનારા હોવાથી કહી શકીએ કે જે થવાનું હોય તે જ થાય છે.પણ જો સાવધાની રાખો તો, અણી ચુક્યો સો વરસ જીવે, એવી પણ પરિસ્થિતિ નિર્માણ થઇ શકે ને ? જે બુધ્ધિશાળી છે, સમજદાર છે, એનાથી ઓછી ભુલો થશે. સર્વેન્ટિસે કહ્યું છે : બુધ્ધિશાળી વ્યક્તિ પોતના બધાં ઇંડા ક્યારેય એક ટોપલીમાં નહીં રાખે. ધારો કે બધાજ ઇંડા એક સાથે રાખવામાં આવે તો ? આપણે જાણીએ છીએ કે એનાથી નુકશાન જ થવાનું છે.એને સાવધાની કહેવાય.આપણે જાણીએ છીએ કે જે હાથે દરવાજો ખોલીએ એ જ હાથે બંધ પણ કરવો જોઇએ. ઘણા લોકો એવા હોય છે એ તો માનતા હોય છે કે આપણા બાપનું શું જાય છે ? પણ એમને ખબર નથી કે આપણને જ નુકશાન થાય છે.પોતાના રાષ્ટ્ર પ્રત્યેની સાવધાનીનો અભાવ જણાય છે. આપણું એ સૌનુ છે અને સૌનું એ આપણું છે. એવા ભાવ સાથેની સાવધાની રાષ્ટ્રને તારે છે ભુલ થાય છે, પણ ભુલોની પરંપરા ન સર્જાય એની સાવધાની રાખવી જોઇએ.

આપણે જાણતા હોઇએ કે ગરમ વસ્તુથી દાઝી જવાય,છતાંય એને પકડીએ તો બળાય જ. ન બળાય એની સાવધાની રાખવી જરુરી ગણાય છે.કન્ફ્યુશિયસે કહ્યું છે : સાવચેત વ્યક્તિ બહુધા ઓછી ભુલો કરે છે. સાવધ રહો અને સુખથી જીવો. આપણે અજાણ્યા વિસ્તારમાં જઇએ તો સરનામું તો પુછવું પડે કે નહી ?એમાં જો સાવધાની રાખીએ તો ક્યાંક અટવાઇ જઇએ. જીવનમાં ડગલે ને પગલે સાવધાની રાખવી જરુરી છે.તમે જે ક્ષેત્રમાં હોય, એમાં પણ સાવધાન ન રહો તો નુકશાન થવાનો ભય રહે છે.તમે વિદ્યાર્થી હોવ,ખેડુત હોવ, વેપારી હોવ,તમે જે કરો છો એ કાર્યમાં સાવધાની અત્યંત જરુરી છે. નહિતર પાછળથી પસ્તાવાનો વારો આવતો હોય છે.સાવધાનીથી માણસ અધોગતિમાંથી બચી જતો હોય છેજે સમયે જે જરુરી હોય એનો ઉપયોગ કરવો જોઇએ. આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસીએ તો ? શું પરિણામ આવે ? આપણે કહીએ છીએ કે ઇશ્વરે દાંત આપ્યા છે તો ચાવણું પણ આપશે. હા જરુરથી આપશે, કારણ કે એણે સાવધાની રાખી જ છે. બાળક જન્મે એ પહેલાં દુધની વ્યવસ્થા એ કરતો જ હોય છે. આપણે જે કંઇ કરતાં હોઇએ, એનું આવતીકાલે શું પરિણામ આવશે એવી સાવધાની અત્યંત જરુરી છે.જેના કારણે કંઇ પણ આઘાપાછું હોય તો એને ઉપાય કરી શકાય. સરહદે લડતો સૈનિક ગાફેલ રહે તો ? એણે તો સાવધાની રાખવી જ પડે.રાતના અંધારામાં ચાલનારા લોકો એકબીજાને કહેતા હોય છે, ચેતીને ચાલજો, એવી જ રીતે આપણા સંતો-મહંતો અને ઋષિમુનિઓએ આપણને કહ્યું છે :ચેતીને ચાલજો, સાવધાની એ જીવનની સીધી લીટી છે. વગર વિચાર્યે જે કરે તે પાછળથી પસ્તાય જ છે. એક સ્પેનીસ કહેવત છે : જોયા વગર ક્યારેય કોઇ વસ્તુનું પાન નકરો અને વાંચ્યા વગર ક્યારેય કોઇ સહી ન કરો. જોયા વિના કરીએ તો ? આ બધાના માઠા પરિણામ આવતાં હોય છે. તમે બુધ્ધિશાળી હોવ,મોટા જ્ઞાની હોવ,પણ તમારા કાર્યમાં તમે સાવધાની ન રાખો તો શું થાય ? વિકટર હ્યુગોએ કહ્યું છે : સાવધાની બુધ્ધિશાળીની સર્વજ્ઞ કરતાં મોટી બાલિકા છે. તમે સર્વજ્ઞ હોવ એ પુરતું નથી. તમારે સાવધ રહેવું એ પણ એટલું જ જરુરી છે. ડૉ. કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)

ઉપરવાળી બેન્ક બેઠી છે

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં લગ્ન પ્રસંગ વેળાએ લગ્નગીતો ગાનાર મહિલાઓનો ભારે વટ હોય છે. કેટલીક બહેનો લગ્નગીતો ગાવાની હરિફાઇમાં ઉતરી જાય છે જ્યારે કેટલીક બહેનોને મનમાં અનેક પ્રશ્નો સતાવતા હોય છે કે ગીત ગાવા માટે માઇક મળશે કે નહીં ? માઇક મળશે પણ ક્યારે મળશે અને કેટલા સમય માટે ? ને કેટલા ગીતો ગવાશે? લગ્નગીતો કોઇ વ્યક્તિ પર પણ ગવાતા હોય છે. મીઠું મહેણું મારે તો પણ માઠું ન લાગે. જે વ્યક્તિ પર ગીત ગવાય તે વ્યક્તિ તો ગર્વ અનુભવે. વાહ મારુ નામ તો ગીતમાં આવ્યું. આમ ગીતમાં જેનું નામ આવે તેનો પણ ભારે વટ પડતો હોય છે.લગ્નગીતો માઇક પર ગુંજતા હોય ત્યારે પાંચ કિલોમીટર છેટે ઢોર ચરાવનાર અને ખેતરમાં કામ કરનાર ભાઇ-બહેનો ગીતો સાંભળીને ધન્ય થઇ જાય છે.લગ્નગીતોનો મર્મ ખુબ ઊંચો હોય છે. આજનું ફિલ્મી ગીત બાબુલ કી દુઆએ લેતી જા..કરતાં કન્યા વિદાયનું ગીત ચડિયાતું લાગે છે. કન્યા વિદાય વેળાએ બહેનો ગીત ગાતી હોય છેઃ ચિંતા ના કરતી બેના સુકાય જવાશે : અર્થાત ચિંતા ન કરવાની સહચરીઓ સલાહ આપે છે.જેથી કન્યાને મોટો દિલાસો મળે છે. સભાઓમાં માઇક પર અવાજ પ્રદુષણ થાય ત્યારે શ્રોતાઓ તાળીઓને બદલે બગાસાંની ખેતી જોવા મળે છે ત્યારે લગ્નું એકાદ ગીત સાંભળી લેવું સારુ.

આજના જીવન વ્યવહારમાં ચિંતા શબ્દએ સેલીબ્રીટી વ્યક્તિની જેમ જીવનના પડદા પર વારે ઘડીએ ઝગમગ કરતો હોય છે. કાંઇ થયું ના થયું માણસ ચિંતાના કુવામાં કુદકો મારતો હોય છે.સુરજ ઉગે ને આથમ્યા પછી પણ ટેન્શનનાં તરંગો મનમાં ઉછળ્યાં કરતાં હોયછે.સાથોસાથ વ્યક્તિ પોતાના સબંધીઓ,મિત્રો,કુટુંબના સભ્યો અને આડોશ-પાડોશીઓની વાતો કરીને આખી સોસાયટીમાં ટેન્શનનું પ્રસારણ દરરોજ થતું હોયછે. આમ ચિંતા માનવીના જીવનમાં એક ઘટના બની જાય છે.જ્યારે માણસ ચિંતાથી પીડાતો હોય ત્યારે તે સમયે ચિંતાના સલાહકારોનો રાફડો ફાટી નીકળે છે વળી તેઓ કહેતા હોય છે ટેન્શન આવે અને જાય પણ જે સલાહ આપનાર વ્યક્તિ હોય છે તેના વાસ્તવિક જીવનના પડદા પાછળ ટેન્શનનું ટાબરીયું નાચ-ગાન કરતું હોય છે. ચાણક્યે સાચું જ કહ્યુ છે : 'મુખમાં રામ ઔર બગલમે છુરી'

માનવી તણાવ કે દુઃખમાં હોય ત્યારે જીવનની સમતુલા ખોઇ બેસે છે. તણાવના સમયે માનવીનું મન શુન્યમનસ્ક થઇ જાય છે અને કોઇકની લાખ સલાહ પણ ઝટ ગળે ઉતરે નહીં. કામ ધંધામાં મન લાગે નહીં. જે કામ કરતાં હોય તેમાં નુકશાન થઇ જાય,ખોરાકની માત્રા ઘટી જાય, શરીરમાં અશક્તિ જણાય,બેભાન અવસ્થામાં જીવન જીવાય, ખિસ્સામાં પેન હોય,પણ અન્ય પાસે માંગણી કરીએ, પેલી કહેવત જેવું થાય, કેડમાં છોરુ ને આખે ગામ શોધા શોધ.જીવન આખું ડગલે અને પગલે નિરસ લાગે.આમ માનવીના જીવનમાં ટેન્શનનું પુર આવે ત્યારે જીંદગીમાં ભારે તબાહી મચી જાય છે.અતિશય તણાવના કારણે માનવી આત્મહત્યાનો સહારો લઇ લે છે પણ ક્યારેક કોઇકના બે શબ્દોથી માનવીનું જીવન બદલાઇ જતું હોય છે.અને જીવનમાં નવું અજવાળું પથરાઇ જતું હોય છે. મહાન પુરુષોના જીવનમાં આફતો આવી પડી પણ તેની સામે તેઓ હારી નહોતા ગયા પણ તેમણે સામનો કર્યો અને સફળ થયા. પારાવાર દુઃખ વેઠ્યા પછી જે સફળતા મળે છે તેનો આનંદ કંઇક અલગ હોય છે.

ચિંતા વિશે બાઇબલમાં કહ્યું છે કે ખાઇશું શું,પીશુ શું એમ તમારા જીવનની ચિંતા ન કરશો, તેમ પહેરશું શું એમ તમારા શરીરની ચિંતા ન કરશો, અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધારી નથી શું ?આકાશમાંના પંખીઓને જુઓ તેઓ નથી વાવતા કે નથી લણતાં,કોઠારમાં ભેગું નથી કરતાં, છતાંય તમારા પરમપિતા તેમને ખાવાનું આપે છે.એમના કરતાં

અનુ. પાન નં. ૨ ઉપર

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૬૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મામીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૯૮૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૯૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.